ચાર વર્ષ પછી ભુવનેશ્વર કુમારની ભારતીય ટી-20 ટીમમાં વાપસી

ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે જાહેર થયેલી ભારતીય ટીમમાં વરુણ ચક્રવર્તીનું પણ વાપસી

પાંચ મેચની ટી-20 સીરિઝ 22 ઓક્ટોબરથી પહેલી નવેમ્બર દરમિયાન રમાશે

નવી દિલ્હી, તા. 06 (પીટીઆઇ) : ન્યૂઝીલેન્ડ સામે આ મહિનાના અંતમાં યોજાનારી પાંચ ટી-20 મેચની સીરિઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ સીરિઝ માટે અનુભવી ઝડપી બોલર ભુવનેશ્વર કુમારની લગભગ ચાર વર્ષના લાંબા વિરામ બાદ રાષ્ટ્રીય ટીમમાં વાપસી થઈ છે. જ્યારે દિગ્ગજ બોલર જસપ્રીત બુમરાહને ટી-20 સીરિઝમાંથી આરામ અપાયો છે.

માજી મુખ્ય પસંદગીકાર અજિત અગરકરના રાજીનામાં બાદ અને પ્રજ્ઞાન ઓઝાના વચગાળાના અધ્યક્ષપદ હેઠળ બીસીસીઆઇ દ્વારા જાહેર કરવામાં આવેલી આ પ્રથમ ટીમ છે. આ ટીમમાં ઇજામાંથી સાજા થયેલા સ્પિનર વરુણ ચક્રવર્તીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે હાલમાં વેસ્ટઈન્ડિઝ સામે રમી રહેલી ટીમના મોટાભાગના ખેલાડીઓને જાળવી રખાયા છે. ટી-20 સીરિઝ માટે ભારતીય ટીમનું નેતૃત્વ શ્રેયસ અય્યર કરશે, જ્યારે તિલક વર્મા વાઇસ કેપ્ટન રહેશે.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ મેચની ટી-20 સીરિઝ 22 ઓક્ટોબરથી પહેલી નવેમ્બર દરમિયાન રમાશે. સીરિઝની પ્રથમ મેચ 22 ઓક્ટોબરે ક્રાઇસ્ટચર્ચમાં રમાશે, જ્યારે બીજી મેચ પણ આ જ મેદાન પર 24 ઓક્ટોબરે યોજાશે. ત્રીજી મેચ 27 ઓક્ટોબરે વેલિંગ્ટનમાં, ચોથી મેચ 30 ઓક્ટોબરે ઓકલેન્ડમાં અને પાંચમી મેચ પહેલી નવેમ્બરે હેમિલ્ટનમાં રમાશે. ટી-20 સીરિઝ પૂર્ણ થયા બાદ ભારતીય ટીમ પાંચ વનડે અને બે ટેસ્ટ મેચની સીરિઝ પણ રમશે.

ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ભારતની ટી-20 ટીમ

શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા (વાઇસ કેપ્ટન), અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), વૈભવ સૂર્યવંશી, ઈશાન કિશન (વિકેટકીપર), અક્ષર પટેલ, શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, નમન ધીર, પ્રિન્સ યાદવ, મયંક યાદવ, અર્શદીપ સિંહ, ભુવનેશ્વર કુમાર, વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ.

ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મલ્ટિ ડે મેચની સીરિઝ માટે ભારત-એ ટીમ પણ જાહેર, રાહુલ, પંત, જયસ્વાલ સામેલ

પસંદગી સમિતિએ ન્યુઝીલેન્ડ એ સામેની ત્રણ મેચની મલ્ટી-ડે શ્રેણી માટે ભારત એ ટીમની પણ જાહેર કરી છે. જેમાં કેએલ રાહુલ, દેવદત્ત પડિક્લ, ઋષભ પંત, ધ્રુવ જુરેલ અને વોશિંગ્ટન સુંદરને સ્થાન આપવામાં આવ્યું છે. ટીમ મેનેજમેન્ટ આ ખેલાડીઓને બે ટેસ્ટ મેચની સીરિઝ માટે મૂલ્યવાન મેચ પ્રેક્ટિસ આપવા માંગે છે. ઇન્ડિયા એ મેચના કાર્યક્રમથી ખેલાડીઓ કિવી પરિસ્થિતિઓને અનુરૂપ થઈ શકશે અને સિનિયર ટીમના ટેસ્ટ અભિયાન શરૂ થાય તે પહેલાં મધ્યમાં કિંમતી સમય મેળવી શકશે. જમ્મુ અને કાશ્મીર સામેની ઈરાની કપ ફાઇનલ દરમિયાન વિકેટકીપર-બેટરને તાવ આવ્યો હતો, જેના કારણે પંતનો એ ટીમમાં સમાવેશ ફિટનેસને આધીન છે.

ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ભારત-એ ટીમ

ધ્રુવ જુરેલ (કેપ્ટન/વિકેટકીપર) યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, દેવદત્ત પડીક્લ, રવિચંદ્રન સમરન, ઋષભ પંત (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, આકિબ નબી, આકાશ દીપ, અંશુલ કંબોજ, માનવ સુથાર, મુકેશ ચૌધરી, સાઇ સુદર્શન, યશ રાઠોડ, મુકેશ કુમાર

ડેબ્યુટન્ટ નમન ધીરની જોરદાર બોલિંગથી વેસ્ટ ઈન્ડિઝ 171 રનમાં સમેટાયું

નમન ધીરની આગેવાનીમાં ભારતીય બોલરોની પ્રભાવક બોલિંગ સામે આક્રમક શરૂઆત બાદ વેસ્ટઇન્ડિઝ લથડ્યું

નમન ધીરની ત્રણ વિકેટ ઉપરાંત કુલદીપ યાદવ અને અક્ષર પટેલની 2-2 અને અર્શદીપ મયંકની 1-1 વિકેટ

લખનઉ, તા. 06 : પાંચ ટી-20 ઇન્ટરનેશનલ મેચોની સીરિઝની પ્રથમ મેચમાં આજે મંગળવારે ઓલરાઉન્ડર નમન ધીરે પોતાની ડેબ્યુ મેચમાં શાનદાર ઓફ સ્પિન બોલિંગનું પ્રદર્શન કરીને ઝડપેલી ત્રણ વિકેટના કારણે ભારતે વેસ્ટ ઈન્ડિઝને 171 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. ધીરે 31 રનમાં 3 વિકેટ મેળવી હતી, જ્યારે કુલદીપ યાદવે પણ 33 રનમાં 2 વિકેટ ઝડપીને વેસ્ટ ઈન્ડિઝને મર્યાદિત સ્કોર સુધી સીમિત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન શે હોપે ઈનિંગ્સની આક્રમક શરૂઆત કરી હતી અને બીજી ઓવરમાં મયંક યાદવની બોલિંગમાં 4 ચોગ્ગા ફટકાર્યા હતા. જેના કારણે ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ત્રીજી ઓવરમાં જ મયંકના સ્થાને અક્ષર પટેલને બોલિંગ સોંપી હતી. ભારતને પ્રથમ સફળતા અર્શદીપ સિંહે અપાવી હતી, જેણે કામિલ પૂરણને બોલ્ડ કર્યો હતો. ત્યારબાદ છઠ્ઠી ઓવરમાં શિમરોન હેટમાયર બિનજરૂરી સિંગલ લેવાના પ્રયાસમાં રનઆઉટ થયો હતો. તે જ ઓવરમાં અક્ષર પટેલે રોવમેન પોવેલને બોલ્ડ કરીને વેસ્ટ ઈન્ડિઝને બેવડો ઝટકો આપ્યો હતો. શેરફેન રધરફોર્ડે 34 બોલમાં 56 રનની ધડાકાબાર ઈનિંગ્સ રમીને વેસ્ટ ઈન્ડિઝની ઈનિંગ્સને ઝડપ આપી હતી.હોપ 37 બોલમાં 52 રન બનાવીને ધીરની બોલિંગમાં અક્ષરના હાથે કેચઆઉટ થયો હતો.

વેસ્ટઇન્ડિઝ	રન	બોલ	4	6
હોપ કો.અક્ષર બો..નમન	52	37	6	2
કામિલ બો.અર્શદીપ	12	11	2	0
હેટમાયર રનઆઉટ	5	2	1	0
પોવેલ બો.અક્ષર	0	3	0	0
રધરફોર્ડ કો.નમન બો.મયંક	56	34	6	3
ચેઝ LB બો.કુલદીપ	5	3	1	0
શેફર્ડ કો.તિલક બો,નમન	7	5	0	1
ફોર્ડ કો.ઇશાન બો.કુલદીપ	2	4	0	0
સ્પ્રીંગર કો.અક્ષર બો.નમન	9	7	0	1
અકિલ કો.ઇશાન બો.અક્ષર	15	9	1	1
જોસેફ નોટઆઉટ	0	1	0	0
વધારાના	8			
કુલ (19.1 ઓવરમાં ઓલઆઉટ)	171			

વિકેટપતન : 1-38, 2-44, 3-44, 4-107, 5-114, 6-121, 7-124, 8-135, 9-171, 10-171

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંહ	4	0	34	1
મયંક યાદવ	4	0	40	1
અક્ષર પટેલ	3.1	1	26	2
કુલદીપ યાદવ	4	0	33	2
નમન ધીર	4	0	31	3

વન ડે વર્લ્ડકપમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચની ટિકિટનો જોરદાર ક્રેઝ

વનડે વર્લ્ડકપની ટિકિટો માટે 48 કલાકમાં ભારત-પાકિસ્તાન મેચ માટે એક લાખથી વધુ ટિકિટની માગ

1 ઓક્ટોબરે ટિકિટ બેલેટ ખુલ્યા પછી ભારતની લગભગ તમામ મેચો માટે ટિકિટની સૌથી વધુ માગ દેખાઇ

દુબઇ, તા. 06 (પીટીઆઇ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) એ જણાવ્યું છે કે આવતા વર્ષે રમાનારા વનડે વર્લ્ડકપમાં 10 ઓક્ટોબરે ભારત અને પાકિસ્તાન વચ્ચે યોજાનારી મેચ માટે ફેન્સ તરફથી એક લાખથી વધુ ટિકિટ અરજીઓ મળી છે.

દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં આવતા વર્ષે બે ઓક્ટોબરથી 21 નવેમ્બર દરમિયાન આયોજિત વનડે વર્લ્ડકપ 2027 માટે એક ઓક્ટોબરે ટિકિટ બેલેટ ખુલ્યા બાદ ટિકિટોની માગ 10 લાખના આંકડાને પાર કરી ગઈ છે.

આઈસીસીના જણાવ્યા અનુસાર 320,000 થી વધુ ચાહકોએ નોંધણી કરાવી છે. તેમાં ભારત-પાકિસ્તાન મેચ સૌથી વધુ માગ ધરાવે છે. ત્યારપછી દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ભારતની મેચ માટે 86,000 થી વધુ અને ભારત વિરૂદ્ધ ઓસ્ટ્રેલિયાની મેચ માટે 80,000 થી વધુ અરજીઓ આવી છે. આ સિવાય સાતમી નવેમ્બરે રમાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની સુપર 7 મેચ માટે 75,000 અરજીઓ મળી છે. જોહાનિસબર્ગના વાન્ડરર્સમાં યોજાનારી ફાઈનલ મેચ માટે પણ લગભગ 65,000 અરજીઓ નોંધાઈ છે.

આઈસીસીના સીઈઓ સંજોગ ગુપ્તાએ જણાવ્યું કે માત્ર 48 કલાકમાં 10 લાખ અરજીઓ મળવી એ ટુર્નામેન્ટ પ્રત્યે ચાહકોનો જબરદસ્ત ઉત્સાહ દર્શાવે છે. બે દાયકા બાદ આફ્રિકા ખંડમાં યોજાનારી આ મેગા ઈવેન્ટ વિશ્વના 120 થી વધુ દેશોના 2.5 અબજ ચાહકોને જોડશે. આઇસીસી વેબસાઇટ પર ટિકિટ બેલેટની નોંધણી 21 નવેમ્બર સુધી ખુલ્લી રહેશે.

ટિકિટ દર અને માગની મુખ્ય વિગતો

પ્રારંભિક ટિકિટ દર : 9.62 યુએસ ડોલર (158 રેન્ડ)
ટોચની મેચો : 31.31 યુએસ ડોલર (514 રેન્ડ)
કુલ ટિકિટ અરજીઓ : 10 લાખથી વધુ
ભારત વિ પાકિસ્તાન : એક લાખથી વધુ અરજીઓ
દ. આફ્રિકા વિ ભારત : 86,000 થી વધુ અરજીઓ
ભારત વિરૂદ્ધ ઓસ્ટ્રેલિયા : 80,000 થી વધુ અરજીઓ

હરમનપ્રીત કૌરે તમામ ફોર્મેટમાં ભારતીય ટીમની કેપ્ટનશીપ છોડી

બીસીસીઆઇની સમીક્ષા બેઠક બાદ નિર્ણય લીધો, સ્મૃતિ મંધાના નવો ચહેરો બનવાની રેસમાં સૌથી આગળ

હરમનપ્રીતે ઇન્સ્ટાગ્રામ પર લાંબી પોસ્ટ લખીને ત્રણેય ફોર્મેટમાં કેપ્ટનશિપ છોડવાની જાહેરાત કરી

નવી દિલ્હી, તા. 06 (પીટીઆઇ) : ભારતીય મહિલા ક્રિકેટ ટીમને પ્રથમ વનડે વર્લ્ડકપ અપાવનાર કેપ્ટન હરમનપ્રીત કૌરે આજે મંગળવારે ત્રણેય ફોર્મેટની કેપ્ટનશીપ પરથી રાજીનામું આપી દીધું છે. 37 વર્ષીય હરમનપ્રીતે જણાવ્યું કે તેણે કેપ્ટન તરીકે પોતાની ફરજ પૂરી કરી છે અને હવે તે માત્ર રમત પ્રત્યેના પ્રેમ માટે રમવા તૈયાર છે. ગુવાહાટીમાં બીસીસીઆઇના સેક્રેટરી દેવજિત સાઈકિયા, વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાના અને મુખ્ય કોચ અમોલ મજુમદારની હાજરીમાં યોજાયેલી સમીક્ષા બેઠક બાદ આ જાહેરાત સામે આવી છે.

હરમનપ્રીત કૌરે સોશિયલ મીડિયા પર પોતાની ભાવુક પોસ્ટમાં લખ્યું કે હું આજે ત્રણેય ફોર્મેટમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટનશીપ છોડી રહી છું. ભારતીય ટીમનું નેતૃત્વ કરવું એ તેમના માટે ગર્વની વાત રહી છે અને આ નિર્ણય લેવો સરળ નહોતો. કેપ્ટનશીપ છોડ્યા બાદ પણ તેઓ ત્રણેય ફોર્મેટમાં ખેલાડી તરીકે દેશ માટે રમવાનું ચાલુ રાખશે.

તાજેતરમાં ટીમ ટી-20 વર્લ્ડકપની સેમી ફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી અને તેના પોતાના બેટિંગ પ્રદર્શનને લઈને પણ ટીકાઓ થઈ રહી હતી. મંધાના હવે ટીમની આગામી કેપ્ટન બનવાની પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. હરમનપ્રીતે 2016માં ટી20 ટીમની, 2022માં વનડે અને 2023માં તમામ ફોર્મેટની કેપ્ટનશીપ સંભાળી હતી. તેના નેતૃત્વમાં ભારતે એશિયન ગેમ્સમાં ગોલ્ડ અને કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ પણ જીત્યો હતો.

કેપ્ટન તરીકે હરમનપ્રીત કૌર

ફોર્મેટ	મેચ	જીત
ટેસ્ટ	5	4
વન ડે	51	30
ટી-20I	155	93
કુલ	211	127

મુખ્ય ઉપલબ્ધિ

- » પ્રથમ વનડે વર્લ્ડ કપ ટ્રોફી
- » એશિયાડમાં સતત 2 ગોલ્ડ
- » CWG 2022માં સિલ્વર મેડલ
- » 150થી વધુ ટી-20Iમાં ટીમનું નેતૃત્વ કરનારી વિશ્વની પ્રથમ કેપ્ટન

હરમનપ્રીત કૌર વન ડે-ટેસ્ટમાં કેપ્ટનશીપ ચાલુ રાખવા માગતી હતી પણ BCCIના દબાણથી નિર્ણય બદલ્યો

હરમનપ્રીત કૌરે તમામ ફોર્મેટમાંથી કેપ્ટનપદ છોડ્યા પછી એવા અહેવાલો આવ્યા છે કે તે ટી-20ની કેપ્ટનશિપ છોડીને વન ડે અને ટેસ્ટમાં કેપ્ટનશિપ ચાલુ રાખવા માગતી હતી પરંતુ બીસીસીઆઇ તમામ ફોર્મેટમાં કેપ્ટનશીપમાં ફેરફાર ઇચ્છતી હોવાથી આખરે તેણે તમામ ફોર્મેટમાં કેપ્ટનશિપ છોડવાની ફરજ પડી હતી. સચિવ દેવજીત સૈકિયા, મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર અને વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાના સાથે ગુવાહાટીમાં યોજાયેલી સમિક્ષા બેઠક દરમિયાન, તેને જણાવવામાં આવ્યું હતું કે પસંદગીકારો નેતૃત્વમાં ફેરફાર ઇચ્છે છે. હરમનપ્રીત માનતી હતી કે ટીમને અનુભવની જરૂર છે અને તે બધા ફોર્મેટમાં નેતૃત્વ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેણે પછીથી સ્વીકાર્યું કે ટી-20 ક્રિકેટમાં તે યુવા ખેલાડીઓને તક આપવા માટે પદ છોડી શકે છે અને વન ડે અને ટેસ્ટ ટીમોની કેપ્ટનશીપ ચાલુ રાખવા માંગતી હતી. પણ બીસીસીઆઇ એ તમામ ફોર્મેટમાં કેપ્ટનશીપ બદલવાનું જણાવતા તેણે આ નિર્ણય લીધો હતો.

	૭	૧	૨	૪	૩		૯	
૮		૫	૧	૯	૬			૨
૩		૨		૭		૪	૧	૬
૭		૯				૫	૪	
			૫					
૧		૩		૮	૭		૬	૯
	૧	૮	૬		૪	૩		૭
	૩		૯	૧	૮			
૫	૬	૪		૩	૨	૯		૧

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

PCBએ બ્રોડકાસ્ટિંગ રાઈટ્સ અડધી કિંમતે પીટીવીને વેચવા પડયા

રૂ. 60 કરોડની અનામત કિંમત સામે એકમાત્ર પીટીવીએ રૂ. 35 કરોડની બોલી લગાવી

લાહોર, તા. 06 (પીટીઆઇ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ને આગામી 25 આંતરરાષ્ટ્રીય હોમ મેચોના બ્રોડકાસ્ટિંગ અધિકારો અનામત કિંમત કરતાં લગભગ અડધા ભાવે વેચવાની ફરજ પડી છે. બોર્ડ દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હોવા છતાં માત્ર સરકારી પ્રસારણકર્તા પાકિસ્તાન ટેલિવિઝન કોર્પોરેશન (પીટીવી)એ જ બોલી લગાવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, પીસીબીએ આ વખતે કોન્સોર્ટિયમ તરીકે બોલી લગાવવાની મંજૂરી આપી ન હતી. પરિણામે, 60 કરોડ રૂપિયાની નક્કી કરાયેલી અનામત કિંમત સામે પીટીવીએ માત્ર 35 કરોડ રૂપિયાની નીચી બોલી લગાવીને આ અધિકારો મેળવી લીધા છે. આ નવા કરારમાં 5 ટેસ્ટ, 14 વનડે અને 6 ટી20 સહિત 25 હોમ મેચોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય ટીમનું તાજેતરનું નબળું પ્રદર્શન અને પ્રસારણકર્તાઓ પાસે અગાઉની બાકી રકમ ન મળવી એ આ સ્થિતિનું મુખ્ય કારણ છે. ભૂતકાળમાં કરાર કરનાર ઓછામાં ઓછા ત્રણ પ્રસારણકર્તાઓ પર બોર્ડના કરોડો રૂપિયા બાકી છે. પીએસએલની 11મી આવૃત્તિ વખતે પણ બ્રોડકાસ્ટિંગ અધિકારો માટે યોગ્ય પ્રતિસાદ મળ્યો ન હતો અને એક પ્રસારણકર્તા પર હજુ પણ અબજો રૂપિયા બાકી છે. આ કરારમાં શ્રીલંકા સામે 3 ટી20 અને ઇંગ્લેન્ડ સાથે ત્રિકોણીય વનડે શ્રેણી તેમજ જાન્યુઆરી 2027માં આયર્લેન્ડ સામેની મેચો સામેલ છે. ઝિમ્બાબ્વેએ પણ આંતરિક બોર્ડ સમસ્યાઓના કારણે પાકિસ્તાન પ્રવાસ અંગે અનિશ્ચિતતા દર્શાવી છે.

મંધાના બની ભારતીય મહિલા ટીમની નવી કેપ્ટન

હરમાનપ્રીત વિદાય બાદ બીસીસીઆઇએ અનુભવી ઓપનર સ્મૃતિ મંધાનાને ટીમનું સુકાન સોંપ્યું

નવી દિલ્હી, તા. 06 (પીટીઆઇ) : હરમાનપ્રીત કૌરે ભારતીય મહિલા ક્રિકેટ ટીમના સુકાનીપદેથી રાજીનામું આપ્યા બાદ અનુભવી ઓપનર સ્મૃતિ મંધાનાને ટીમની નવી કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ અંગે માહિતી આપતા બીસીસીઆઈએ પોતાની વેબસાઈટ પર જણાવ્યું કે, ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે સ્મૃતિ મંધાનાની નિયુક્તિ કરવામાં આવી છે. સ્મૃતિ છેલ્લા ઘણા વર્ષોથી ભારતીય મહિલા ક્રિકેટમાં એક અગ્રણી ખેલાડી રહી છે અને તેણે તમામ ફોર્મેટમાં ટીમની પ્રગતિમાં મહત્વની ભૂમિકા ભજવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે વિશાળ અનુભવ ધરાવતી સ્મૃતિએ સ્થાનિક તેમજ ફ્રેન્ચાઈઝી ક્રિકેટમાં પણ પોતાની નેતૃત્વ ક્ષમતા સાબિત કરી છે. તેણે તાજેતરમાં જ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 2024 અને 2026માં વિમેન્સ પ્રીમિયર લીગના ટાઈટલ અપાવ્યા હતા. બોર્ડે વધુમાં ઉમેર્યું હતું કે, 2013થી ભારતીય ટીમનો હિસ્સો રહેલી સ્મૃતિ પોતાની સાથે બહોળો અનુભવ લાવે છે. ભારતીય ટીમ એક નવા યુગમાં પ્રવેશ કરી રહી છે ત્યારે તે આ જવાબદારી સંભાળશે.

શબ્દગુંફન - ૭૨૬૩

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી

૨. રોકડું (૩)
૪. લીન, ડૂબેલું (૩)
૬. દુનિયા (૩)
૭. વચલું (૩)
૮. કૃપા, રહેમ (૨)
૧૦. અંકુશ (૩)
૧૨. ગાયન (૨)
૧૩. શરીર (૨)
૧૪. આદર (૨)
૧૫. મેંદી (૨)
૧૬. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૮. માસીના પતિ (૨)
૧૯. ઠીક, સારું (૨)
૨૧. ભરાવદાર (૨)
૨૩. અવાજ, ઘોષ (૨)
૨૫. આનંદી, વિનોદી (૩)
૨૭. મીઠું (૩)
૨૯. મનની તંગ હાલત (૩)
૩૨. મૂળ ગામ કે દેશ (૩)
૩૪. જરૂરી જ ખર્ચ કરવું (૫)
૩૫. જનાવરના ખેલનો તમાશો (૪)

ઊભી ચાવી

૧. પંદર દિવસે નીકળતું (૫)
૨. અનુકરણ (૩)
૩. તેજ, ભપકો (૩)
૪. શોકાતુર (૪)
૫. શરીરની ઊંચાઈ (૨)
૯. પીડા, દુઃખ (૩)
૧૧. ગાનારો (૩)
૧૪. મારવું તે (૨)
૧૫. ગણતરી, દાખલો (૩)
૧૬. દેગ (૨)
૧૭. ઝડપ, ગતિ (૨)
૧૯. વગાડવું તે (૩)
૨૦. સેના (૨)
૨૨. મજબૂત (૩)
૨૪. ગરીબ (૨)
૨૫. રૂપાનું, ધોળાશ પડતું (૩)
૨૬. ફત્તેહ, વિજય (૨)
૨૮. પાણી ભરવાની કોથળી (૩)
૩૦. સુંવાળુ (૩)
૩૧. અધિકાર (૨)
૩૨. પતિ (૨)
૩૩. રગ, વલણ (૨)

આજનું પંચાંગ

તા. 07/10/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે** : 1948
વીર સંવત : 2552 **માસ** : ભાદરવો
તિથિ: વદ: બારસ: 23:17 રેટિયા બારસ
અયન : દક્ષિણાયન **ઋતુ** : શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો-15
યોગ : શુભ **કરણ**: કૌવલ
નક્ષત્ર : મઘા: 21:41
રાશિ: સિંહ (મ,ટ)
દિવસ : દ્વાદર્શી- બારસનું શ્રાધ્ધ, મઘા શ્રાધ્ધ- સંન્યાસીના મહાલય
સુરતમાં સૂર્યોદય : 06:32 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:20
નવકારસી : 07:20
પારસી વર્ષ : 1396 અરદીબેહેસ્ત માસનો 24મો રોજ
મુસલમાન વર્ષ :1448 રબિઉલ આખર માસનો 25મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ,
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરેઃ 12:00 થી 13:30 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): બૌદ્ધિક કામમાં સફળતા મળે. નવા રોકાણ થાય. મિત્રો સાથે ગેરસમજ થાય. પ્રેમમાં સાથ મળે. આવક વધશે.

વૃષભ (બ,વ,ઉ,): ઘરેલું કામમાં વ્યસ્ત રહેવાનું બને તેમજ મિલકત, વારસા, મકાન- જમીન વગેરે કામમાં અનુકુળતાથી પ્રગતિ થાય.

મિથુન (ક,છ,ઘ,): મિડીયા નેટવર્કિંગ અને શિક્ષણને લગતાં કામમાં વ્યસ્ત રહેવાનું બને. પરિવારીક પ્રશ્નો સતાવે. આર્થિક બાબતે ધીરજ રાખવી.

કર્ક (ડ,હ,): વાણી અને વહેવાર કુશળતાથી માર્કેટીંગને લગતા કામ પાર પડશે. વેપારમાં આવક વધે. બચત યોજના બને.

સિંહ (મ,ટ,): તમારા નિર્ણય આજે અનુકૂળ રહેવાથી આર્થિક બાબતે પ્રગતિ થાય. સમાજજીવનમાં સાવધાની રાખવી.

કન્યા (પ,ઠ,ણ,): ભાગદોડ અને ખર્ચાળ દિવસ રહે. સરકારી કામમાં સાવધાન રહેવું. પ્રવાસમાં કોઈની વાતોમાં આવવું નહી.

તુલા (ર,ત,): મહત્ત્વના કામ પાર પડે. વિદ્યાર્થીઓને નવુ શિક્ષણ મળે. નવા રોકાણ થાય. પ્રેમમાં ઉત્સાહજનક પ્રગતિ થાય.

વૃશ્ચિક (ન,ય,): નોકરી અને ધંધામાં મહત્ત્વનાં કામમાં સફળતા મળે. આવક વધે. સમાજમાં માન વધે. શુભ સમાચાર.

ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રતિષ્ઠા વધે. ભાગ્યનો સાથ મળે. વેપાર-ધંધાના વિસ્તાર માટે પ્રગતિજનક દિવસ લાગણી પાર કાબૂ.

મકર (ખ,જ,): કામકાજમાં રૂકાવટ અને ધીમાપણાનો અનુભવ થાય. સરકારી કામમાં મદદ મળે. ગુપ્ત ભય સતાવશે.

કુંભ (ગ,સ,શ,ષ,): ભાગીદારીનાં કામ થાય. પ્રેમ વિવાહની વાતમાં મદદ મળે. રોજના કામમાં આવક વધે. કોર્ટ કચેરીમાં પ્રગતિ.

મીન (દ,ચ,ઝ,થ,): વિરોધીઓની દખલ વધશે. ઓફિસના કામમાં મદદ મળે. આરોગ્ય સુધરે- ખર્ચા વધશે.

કોઈ પણ સાલમાં 07 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવાં ફેરફારીથી કાર્યબોજ અને જવાબદારી વધે. વેપાર-ધંધામાં નવી યોજના બને. પણ હરીફો વધશે. સમાજમાં ચડતી-પડતીનો અનુભવ થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. સંતાનોના કામ, અભ્યાસ, કેરીયરમાં પ્રગતિ થાય. આધુનિક ટેકનોલોજીનો લાભ મળે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં અનુકૂળતા રહે. વારસ, જાયદાદ, જમીન જેવા કામ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. સ્ત્રી વર્ગ ખાસ કરીને નોકરિયાતને તક મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં સોમ-ગુરુવારે 07,16,25 તારીખે નવાં કામ કરવાં. ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ વધારવો. ઓગસ્ટ, સપ્ટેમ્બરે, બુધ, શુક્રવાર 05, 14, 23 તારીખે નવા કામ ટાળવાં. લાલ અને લીલા રંગનો ઉપયોગ ટાળવો. કેતુ- ચંદ્રના ઉપાય કરતા રહેવું.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કૃમિમુદગર રસ

અતિ તીક્ષ્ણ દ્રવ્ય હોઈ નાજુક પ્રકૃતિવાળી વ્યક્તિને અપાતું નથી. સ્વપ્રયોગ ન કરવો. આશરે ચારસો મીલીગ્રામ (બે થી ચાર રતિની) માત્રામાં, નાગરમોથનાં ઉકાળા કે મધ સાથે સવાર સાંજ આપવું.

અનુસંધાન... પાના પહેલાનું

એર માર્શલ...

સંભાળ્યા છે. સરકારે એર માર્શલ આશુતોષ દીક્ષિતને 31 ઓક્ટોબરની બપોરથી વાયુસેનાના 29મા વડા તરીકે નિયુક્ત કર્યા છે. એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ તે દિવસે નિવૃત્ત થશે.

9 ડિસેમ્બર, 1966ના રોજ જન્મેલા એર માર્શલ દીક્ષિત 6 ડિસેમ્બર, 1986ના રોજ ભારતીય વાયુસેનાની ફાઈટર સ્ટ્રીમમાં નિયુક્ત થયા હતા.

વાયુસેનાના વાઈસ ચીફ તરીકેનો કાર્યભાર સંભાળતાં પહેલાં તેમણે હેડક્વાર્ટર ઈન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ ખાતે ચેરમેન, ચીફ્સ ઓફ સ્ટાફ કમિટી (સીઆઈએસસી) તરીકે સેવા આપી હતી. આ અગાઉ તેમણે સેન્ટ્રલ એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ તરીકે સેવા આપી હતી.

અમેરિકાએ એક...

ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ હેઠળ ગેરકાયદેસર રીતે કે તથ્યો છુપાવીને મેળવેલી નાગરિકતા રદ થઈ શકે છે. આ કાર્યવાહી હેઠળ પાકિસ્તાન, મેક્સિકો, નેપાળ, કમ્બોડિયા અને અફઘાનિસ્તાન જેવા દેશોના નાગરિકોનો પણ સમાવેશ થાય છે.

ભારતીય પાયલટ...

છે. તેમાં સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતની સરકારો દ્વારા સંપૂર્ણ અને ઝડપી તપાસની તેમ જ સંયુક્ત રાજ્ય અમેરિકા અને ઇઝરાયેલને સંપૂર્ણ માહિતી આપતી રાખવાની માંગ પણ કરવામાં આવી છે. કેપ્ટન મચ્છારે કો-પાઇલટ દ્વારા ઇઝરાયેલ જતી ફ્લાઇટને ક્રેશ કરવાના કથિત પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. દુબઈથી તેલ અવીવ જઈ રહેલા વિમાનની કોકપિટમાં બુધવારે ફ્લાયદુબઈ ફ્લાઇટ એફઝેડ1073 પર કો-પાઇલટ દ્વારા તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો અને તેમને ગંભીર ઈજા પહોંચાડવામાં આવી હતી. વોલ સ્ટ્રીટ જર્નલ અને સીએનએન સહિતના અનેક સમાચાર માધ્યમો દ્વારા પ્રકાશિત અહેવાલો અનુસાર, હમામ અલ-હમ્મામી નામના ઓમાની નાગરિકની ફ્લાયદુબઈના કો-પાઇલટ તરીકે ઓળખ થઈ છે, જેણે મચ્છાર પર હુમલો કર્યો હતો અને કથિત રીતે ફ્લાઇટનો કબજો લેવાનો પ્રયાસ કર્યો હતો.

દેશના...

નામના વિશેષ હેતુવાળા વાહન (એસપીવી)ની સ્થાપનાને મંજૂરી આપી છે." આ મંજૂરી બહુવિધ પરિવહન-સંબંધિત મંત્રાલયો અને એજન્સીઓમાં વિભાજિત આયોજન અને અમલીકરણથી ઊભી થતી લાંબા સમયથી ચાલી આવતી મુશ્કેલીઓને દૂર કરવાનો પ્રયાસ કરે છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે, વધુ સંકલન અને બહુ-મોડલ સંકલનને પ્રોત્સાહન આપીને આઈટીએલએ ભારતમાં પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની કાર્યક્ષમતા, ટકાઉપણું અને અસરકારકતા વધારશે તેવી અપેક્ષા છે.

તેમાં ઉમેરવામાં આવ્યું છે કે, આ સત્તામંડળ, ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ (ડીપીઆઈઆઈટી) હેઠળ કામ કરશે, જે સંકલિત પરિવહન અને લોજિસ્ટિક્સ આયોજન, સંશોધન, પ્રોજેક્ટ મૂલ્યાંકન અને દેખરેખ, નીતિ સમર્થન અને ડેટા વિશ્લેષણ માટે સર્વોચ્ચ સંસ્થા તરીકે કાર્ય કરશે.

દિલ્હી ડાયરી...

ન્યાયાધીશો જયમાલ્ય બાગચી અને વી. મોહનાની બેન્ચે જણાવ્યું હતું કે, સીઈસીને આપવામાં આવેલી સત્તાઓ ગમે તે હોય, પરંતુ કાયદો સ્પષ્ટપણે આદેશ આપે છે કે તમામ નિર્ણયો ચૂંટણી પંચના ત્રણ સભ્યો વચ્ચે કાં તો સર્વાનુમતે અથવા તો બહુમતી દ્વારા લેવા જોઈએ. બેન્ચે કહ્યું કે, "જો અમારી નજરે એવા કિસ્સાઓ આવશે (જ્યાં સીઈસીએ એકપક્ષીય રીતે નિર્ણયો લીધા હોય) તો અમે તેને રદ કરીશું."

135 વર્ષ જૂની સેન્ટ્રલ સેક્રેટરીયેટ લાઈબ્રેરીનું સ્થળાંતરણ

કેન્દ્ર સરકાર દ્વારા અનેક મુદ્દાઓ પર મનસ્વી રીતે કામ કરવાના કારણે શાસક પક્ષ એક નવા વિવાદમાં ફસાયો છે. આ વિવાદ 135 વર્ષ જૂની સેન્ટ્રલ સેક્રેટરીયેટ લાઈબ્રેરી (સીએસએલ) ના સ્થળાંતરણને લઈને છે. સી.એસ. એલ. હાલમાં શાસ્ત્રી ભવનમાં સ્થિત છે જેને નરેન્દ્ર મોદી સરકારની સેન્ટ્રલ વિસ્ટા પુનર્વિકાસ યોજનાના ભાગરૂપ તોડી પાડવામાં આવનાર છે. આ મામલો પહેલેથી જ સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે અને કોર્ટે સુઓમોટો સંજ્ઞાન લઈને આ બાબતે કાર્યવાહી કરી છે. ન્યાયાધીશો સંજય કુમાર અને સંજીવ સચદેવાની બનેલી બેન્ચે કેન્દ્ર સરકારને નોટિસો જારી કરી છે અને લાઈબ્રેરીને સમાવવા માટે ફાળવવામાં આવનાર વિસ્તારની વાસ્તવિક લેઆઉટ યોજનાઓ સાથેની સંપૂર્ણ વિગતો દર્શાવતું સોગંદનામું રજૂ કરવા જણાવ્યું છે. અગાઉ એવા અહેવાલ પ્રાપ્ત થયા હતા કે, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય તથા સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (સીપીડબ્લ્યુડી) દ્વારા 8.5 લાખથી વધુ પુસ્તકો ધરાવતી આ પુસ્તકાલય માટે હજી સુધી જગ્યા શોધવામાં આવી નથી. એક અહેવાલમાં એવું સૂચવવામાં આવ્યું હતું કે, ગત જાન્યુઆરીમાં એસ્ટેટ ડિરેક્ટોરેટ દ્વારા કર્તવ્ય ભવન-2ની અંદર 300 ચોરસ મીટરના વિસ્તારવાળા બે રૂમ સીએસએલ માટે ફાળવવામાં આવ્યા હતા.